# ભારતીય ગિગ અર્થવ્યવસ્થા : એક બહુ-શાખાકીય અભિગમ

હાર્દિકકુમાર પી. શેલડીયા
રિસર્ચ સ્કૉલર
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
**Email Id : sheladiyahardik77@gmail.com**
**ORCID : 0009-0006-4504-7007**

ડૉ. દિલીપ એલ. વરસાણી
આચાર્ય,
શ્રી જે. બી. ધારુકાવાલા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.
**Email Id : dilipvarsani70@gmail.com**

## સારાંશ:

21 મી સદીમાં થયેલ અગત્યના ફેરફારોમાં ડિજિટલ અને ટેક્નોલોજિકલ અર્થવ્યવસ્થાનો વિકાસ, ઔદ્યોગિકીકરણ 4.0, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, વૈશ્વિકીકરણ, ખાનગીકરણ, ઉદારીકરણ, અને માહિતીના આદાન પ્રદાન માટેના નવા ક્ષેત્રોનો વિકાસ, શૈક્ષણિક ઉપલબ્ધતા અને ધંધાકીય મોડેલમાં થતાં પરિવર્તનો ગણાવી શકાય છે. જેમણે સમાજના સાંસ્કૃતિક માળખું, રોજગારનું ક્ષેત્ર અને લોકોની રોજિંદી પ્રવુતિઓમાં ફેરફાર લાવેલ છે. આ ફેરફારો પૈકી ઉદ્ભવેલ રોજગારનું માળખું એટલે ગિગ અર્થવ્યવસ્થા. આ અર્થવ્યવસ્થાના પરીણામે પરંપરાગત રોજગાર ક્ષેત્રના સ્થાને બિનપરંપરાગત રોજગાર ક્ષેત્ર વિકાસ પામી રહેલ છે. જે કામના અભિગમો સ્વતંત્રતા, સુગમતા અને વધુ સ્વાયત્તતા લાવવા, વિવિધ શ્રમ માટે (ખાસ કરીને સ્થળાંતરીત થતાં શ્રમિકો માટે, કૃષિ ક્ષેત્રના શ્રમિકોને ઉધોગ અને સેવાના ક્ષેત્રમાં ખસેડવા) રોજગારની વિસ્તૃત અને ટકાઉ તકોની ઉપલબ્ધિ, મહિલા સશક્તિકરણ લાવવા, લોકોની સહભાગીદારી વધારવાની સુવિધા પૂરી પાડે છે. સાથે અસુરક્ષિત અને ઘસાય ગયેલી ટેકનોલોજી, કાયદાઓનો અપૂરતો વિકાસ, કાર્ય સ્થળની અસુરક્ષા, આવક અંગેની અનિચ્છિતતા, આરોગ્ય સબંધિત પ્રશ્નો, સામાજિક સુરક્ષા અંગેના પ્રશ્નો, શહેરોમાં પાયાની સુવિધા પર વધતું દબાણ, શિક્ષણ, તાલીમ અને ભાવિ માટેની સંભાવનાઓનો અભાવ પણ રહેલ છે. અને આ માટે સરકાર દ્વારા હાથ ધરાયેલા પગલાં અને તેનું મૂલ્યાંકન જેવા આ અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલ વિવિધ પાસાઓનો પ્રસ્તુત અભ્યાસનો હેતુ રહેલ છે. જે માટે ગૌણ માહિતી સ્ત્રોત દ્વારા વર્ણનાત્મક વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના:

આજના યુગમાં દરેક દેશો પોતાના સાધનોના ઉપયોગ અને બજારમાં પરિબળોનો લાભ લઈ વિકાસ પ્રાપ્ત કરવાની હરોળમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો કરતાં હોય છે. જે પ્રાપ્ત કરવામાં ઉધોગના સેનાપતિઓનું મહત્વ રહેલ છે. જે સમય અનુસાર બજારમાં થતાં ફેરફારો સાથે સુસંગત બની લોક જીવન માટેની વસ્તુ કે સેવામાં નવીનતા સાથે ઉપલબ્ધતામાં વધારો લાવવા માટે તત્પરતા દર્શાવે છે. બજારના એવા ફેરફાર કે જેમાં ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઔદ્યોગિકીકરણ 4.0, વૈશ્વિકીકરણ કે જેમને પરંપરાગત રોજગાર ક્ષેત્રના ભાવીને નબળું પાડીને બિન પરંપરાગત રોજગાર ક્ષેત્રોમાં નવા મોડેલનો વિકાસ કરેલ છે. જેમણે આજે કામના કલાકો 9 થી 5 કલાકના નહીં રહેતા કાર્ય આધારિત, સ્થાન સાથે સબંધિત ના રહેતા કોઈ પણ સમયે કોઈપણ સ્થળેથી કામ કરવાનું સુગમ બનાવ્યું છે. (Gig Economy – Shaping the

Future of Work, n.d.) જે પરંપરાગત રોજગારના ક્ષેત્રોની સરખામણીમાં વધુ સ્વતંત્રતા, સ્વાયતતા, સુગમતા આપનાર કામ છે. સમય અને સ્થાન પર આધારિત ના હોવાથી એક કરતાં વધુ નોકરીદાતા માટે કામ કરવાનું શક્ય બનાવ્યું છે. જેમાં નોકરી દાતા આ કામદારો સાથે કામચલાઉ અને ખુબ જ ટુંકા સમયના કરારો કરી શકે છે. સાથે કોઈ પણ કામના ચુકવણી સિવાયના લાભો વિના આ કરારમાં સહભાગી બની કામ કરતાં કામદાર કે જેને ગિગ કામદાર કહેવાય છે. અને તેમની સાથે સબંધિત બાબતો અને સામૂહિક સ્થિતિ એટલે ગિગ અર્થવ્યવસ્થા કહેવાય છે.

આ પ્રકારના રોજગાર ક્ષેત્રનો વિકાસ તાજેતરના સમયનો અને મહત્વનો છે. ભારત જેવા વિકાસશીલ દેશો કે જ્યાં કૃષિ ક્ષેત્રમાં વધુ છૂપી વસ્તી રહેલી હોય છે. ("Disguised Unemployment.") જેમને અન્ય ક્ષેત્રોમાં વાળવા, શહેરીકરણ થતું હોવાથી ગ્રામીણ વસ્તીનો મોટો ભાગ રોજગારીની શોધમાં શહેરો તરફ વળતાં હોય છે. આ સ્થળાંતરીત થતી વસ્તી કે જે ઓછી કુશળતા અને મધ્યમ કુશળતા ધરાવનાર હોય છે. તેમના માટે રોજગારીની તકો ઉપલબ્ધ કરવામાં ગિગ અર્થવ્યવસ્થા ઉપયોગી બને છે. જો કે આ અર્થવ્યવસ્થા સફેદ કોલર અને બ્લૂ કોલર એમ બંને પ્રકારમાં પ્રચલિત છે. પરંતુ ભારતમાં તે બ્લૂ કોલરના સંદર્ભમાં અભ્યાસ થાય છે. તાજેતરમાં સફેદ કોલરની નોકરીઓમાં પણ તેમનું પ્રમાણ વધતું જાય છે. (Drishti IAS, "Gig Workers.") રોજગાર પ્રાપ્ત કરવામાં આ અર્થવ્યવસ્થા મહત્વની સાબિત થાય છે. આ અર્થવ્યવસ્થામાં સંકળાયેલ લોકો કોઈ ને કોઈ ટેક્નોલોજીકલ માધ્યમ સાથે સંકાયેલ છે. જે માટે જુદા જુદા ટેક્નોલોજિકલ માધ્યમો વિકસિત થયાં છે. જે ઇ-કોમર્સ માંથી ક્વીક કોમર્સ તરફ આગળ વધી આકર્ષક સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. જેમાં ઝેપ્ટો, ઓલા, ઉબેર, સ્વિગી, ઝોમેટો, અપવર્ક, ફીવર, અર્બન કંપની જેવી વિવિધ કંપની દ્વારા પ્લેટફોર્મ તૈયાર કરેલ છે. આ સુવિધા પ્લેટફોર્મ પરથી ગ્રાહકો દ્વાર સુધી પહોંચાડવા માટે ગિગ કામદાર કાર્યરત હોય છે. આ કાર્યરત કામદારો ઓછા ખર્ચે, સરળતાથી, કામ સિવાયના અન્ય લાભોની ચુકવણી કર્યા વગર પ્રાપ્ત થાય છે. કંપનીઓને કાયમી પગાર, પેન્શન, વીમો, છુટ્ટીના લાભો વગેરે જવાબદારીમાંથી મુક્તિ અપાવનાર બને છે. આ પ્રકારની કંપનીનું નેટવર્ક વધતું જોવા મળે છે. સામે કામદારને સ્વતંત્રતા, સુગમતા, એક કરતાં વધુ નોકરીદાતા પાસે કામ કરવાની તક, પોતે જ પોતાના માલિક હોવાની અનુભૂતિ, વધારાની આવક માટેની તક, વગેરે લાભો પ્રાપ્ત થાય છે. (Banwari, Gig Economy: Challenges and Opportunities in India.)

કામદારો દ્વારા આ અર્થવ્યવસ્થામાં સુધારો લાવવા માટેની માંગમાં વધારો થતો જાય છે કારણકે ક્વિક કોમર્સના સમયમાં 10 મિનિટમાં સુવિધા પહોંચાડવાનો ટ્રેન્ડ બની ચૂકેલ છે. જેથી અકસ્માતની સમસ્યા, ગ્રાહકો દ્વારા આપતું રેટિંગ થી પ્રદર્શન પરનો ભય, વધુ કામના કલાકો અને ઓછી આવક અને સ્વાસ્થય પર જોખમ, નોકરીની અસલામતી, અસુરક્ષા, અનિશ્ચિતતા, સામાજિક સુરક્ષાનો અભાવ જેવા પ્રશ્નોનું નિવારણ માટે વારંવાર ગિગ કામદારો દ્વારા માંગ થતી થાય છે. (Raghav Chadha Demands Ban on 10-Minute Delivery | Gig Workers' Struggles Raised in Rajya Sabha.) પ્રસ્તુત અભ્યાસમાં આ અર્થવ્યવસ્થાને જુદા જુદા પાસાઓ સાથે સાંકળવામાં આવેલ છે.

## સાહિત્ય સમીક્ષા:

આ અભ્યાસના સંદર્ભ માટે સંશોધન આ મુજબ છે. ડિજિટલ યુગમાં કામનુ સ્વરૂપ ફરીથી આકાર પામી રહેલ છે. સસ્તા શ્રમને પરિણામ ગ્રાહકોને ઝડપી વિકલ્પો પ્રદાન કરવા, લવચીક અને સ્વતંત્ર કામદારોની માંગ વધી રહેલ છે. જે આવકની અસ્થિરતા, સુરક્ષાના લાભોનો અભાવ, અનિશ્ચિતતા અને પડકારો ઊભા કરે છે. ટેકનોલોજીથી કાર્યનું ભવિષ્ય બદલાશે. (David et al., n.d.) મહિલાઓ માટે યોગ્ય કામની ઉપલબ્ધતા કરાવી મહિલા શ્રમ ભાગીદારી દરમાં વધારો લાવી શકે છે. પરંતુ આવકની અસ્થિરતા, સેવાઓની ઉપલબ્ધતા, ડિજિટલ અર્થવ્યવસ્થામાં જોડાણની, અસમાન વેતન દર જેવી સમસ્યાનો સામનો કરે છે (Leelavathy & Sudha, 2024) ભારતમાં ગિગ અર્થવ્યવસ્થા માટેના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે. તેમનું ભવિષ્ય અને પડકારો દર્શાવવામાં આવ્યા છે. અને તે સબંધિત ગિગ કામદારોને અને સરકારને સૂચનો કરે છે. (Banwari, Gig Economy: Challenges and Opportunities in India.) પ્રસ્તુત અભ્યાસમાં ગિગ અર્થવ્યવસ્થા, વિકાસ અને તેમ ટેક્નોલોજિકલ માધ્યમ કઈ રીતે કાર્ય કરે છે, ગિગ અર્થવ્યવસ્થાનો ઇતિહાસ, ભારતમાં ગિગ અર્થવ્યવસ્થાના વિકાસ માટેના કારણો, ગિગ અર્થવ્યવસ્થાના પ્રકારો, ટેક્નોલોજિકલ માધ્યયમો, ભાવિ તકો અને પડકારો, અને ભારત માટેની જરૂરીયાતોનો અભ્યાસ કરવામાં આવેલ છે. (Karunakaran, "The Gig Economy in India.")

## અભ્યાસના હેતુઓ

- ગિગ અર્થવ્યવસ્થાનો ખ્યાલ મેળવવાનો અને ગિગ અર્થવ્યવસ્થામાં કોનો સમાવેશ થાય છે. અને તે માટે કયા ક્ષેત્ર માટે કયા ટેક્નોલોજિકલ માધ્યમો રહેલ છે. તેનો અભ્યાસ કરવો.

- ગિગ કામદારની સ્થિતિ અને તેમના પડકારો અને ભાવિ સંભાવનાનો અભ્યાસ કરવો.
- ગિગ કામદારો અને જુદા જુદા પાસા અને વિવિધ ક્ષેત્રો સાથેનો સબંધ અને તે ક્ષેત્રોમાં ગિગ અર્થવ્યવસ્થાના ગિગ કામદારોની સ્થિતિ અને તેની સાથે સબંધિત તાજેતરના વલણ અને સબંધિત સરકારની નીતિ અને પગલાઓનો અભ્યાસ કરવાનો હેતુ રહેલ છે.

## અભ્યાસ અંગેની માહિતી અને પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ કરવા માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે માટે સરકારી તથા બિન-સરકારી પ્રકાશનો, નીતિ આયોગના અહેવાલો, આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના અહેવાલો, કેન્દ્ર સરકાર દ્વારા પ્રકાશિત થયેલ અહેવાલો અને મિડિયા, સમાચાર પત્રો, સંશોધન લેખોનો ઉપયોગ કરી વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## ગિગ અર્થવ્યવસ્થા અને ગિગ કામ

ગિગ અર્થવ્યવસ્થા એક એવી પરિસ્થિતિનો ચિતાર આપે છે જેમાં પૂર્ણ સમયના કામદારોના સ્થાને નોકરીદાતાઓ માંગ આધારિત અસ્થાયી અને ટુંકા ગાળાના કરાર દ્વારા સ્વતંત્ર કામદારોની ભરતી કરે છે.

- લેબર કોડ ૨૦૧૯ મુજબ "ગિગ અર્થવ્યવસ્થા એટલે પરંપરાગત રોજગાર ક્ષેત્રની બહાર કામની વ્યવસ્થામાં સહભાગી થઈ આ પ્રવુતિ માંથી કમાણી કરતાં રોજગાર આપનાર અને રોજગાર લેનાર વચ્ચેના સબંધને ગિગ અર્થવ્યવસ્થા કહેવાય છે."(*Gig Economy*, n.d.)
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અનુસાર "ગિગ અર્થવ્યવસ્થાએ ટુંકા ગાળાની સેવાઓનું આદાન પ્રદાન કરવા માટે અને ફ્રીલાન્સર્સને જોડવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે." (*What Is the Gig Economy and What's the Deal for Gig Workers? | World Economic Forum*, n.d.)
- કેમ્બ્રિજ ડિક્શનરી મુજબ "ગિગ અર્થવ્યવસ્થા કામ કરવાની એક એવી રીત તરીકે વર્ણવે છે જેમાં લોકો કામ ચલાઉ નોકરી ધરાવે છે. જુદા જુદા કામ ધરાવે છે અને આ કામ કરવા બદલ નોકરીદાતા તેમણે અલગથી ચુકવણી કરે છે. (*GIG ECONOMY | English Meaning - Cambridge Dictionary*, n.d.)

ગિગ કામદારો સીધા કે ટેકનોલોજી માધ્યમ આધારિત પણ હોય શકે છે. ટેકનોલોજીકલ માધ્યમ સાથે સંકળાયેલ ગિગ કામદારો એપ્સ પર હોય છે. આ એપ્સમાં નીચે મુજબના ઘટકો ગણાવી શકાય છે.

- એપ્સ પર ગ્રાહકોને વસ્તુ વેચનાર એટલે કે વ્યવસાય.
- વસ્તુને ગ્રાહકો સુધી પહોંચાડવા માટે કામદાર.
- એપ્સ સંચાલિત કરનાર જે ગ્રાહકો અને વસ્તુ પહોંચાડનાર વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્યરત જોવા મળે છે.

| **સીધી રીતે જોડતા ગિગ કામદારો** | **ટેકનોલોજીકલ માધ્યમ સાથે સંકળાયેલ ગિગ કામદારો** |
|---|---|
| ➢ દૈનિક મજૂર, | ➢ પરિવહન ક્ષેત્ર (ઓલા, ઉબેર, રેપિડો), |
| ➢ શાકભાજી વેચનાર, રિક્ષા ચાલક | ➢ ખોરાક ડિલિવરી ક્ષેત્ર (ઝોમેટો, સ્વિગી, ઝેપ્ટો) |
| ➢ કાર્યક્રમ આયોજન કરવામાં સહભાગી બનતા તમામ વ્યક્તિઓ (જેવા કે મંડપનું બાંધકામ કરનારાઓ, રસોઈયા, મ્યુજીક અને સંગીત સાથે સંકળાયેલ કામદારો) | ➢ ઇ કોમર્સમાં માલ સામાન ડિલિવરી (એમેઝોન, ફ્લિપકાર્ટ, પૉર્ટર, શેડોફેક્સ,) |
| ➢ ચિત્ર દોરનારાઓ, સલૂનની સેવાઓ આપતા વ્યક્તિઓ | ➢ ફ્રીલાન્સ (અપવર્ક, ફીવર, ફ્રીલાન્સર) |
| ➢ પ્લમ્બર, ઇલેક્ટ્રિશિયન (જે ટેકનોલોજી માધ્યમ સાથે સંકળાયેલ નથી), | ➢ શિક્ષણ ક્ષેત્ર (વેદાંતું, બાયજ્યુસ, અનએકેડમી) |

## ગિગ અર્થવ્યવસ્થાએ ભવિષ્યનું રોજગાર ક્ષેત્ર:

આજનો સમય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો યુગ ગણાવી શકાય છે. જેમણે ઑટોમેશન પ્રોત્સાહન આપ્યું છે જેમને કામનું સ્વરૂપ, કામદાર અને શ્રમ દળમાં ફેરફાર લાવેલ છે. (*Roadmap_for_Job_Creation_in_the_AI_Economy (1)*, n.d.) આ ક્ષેત્રોમાં કુલ 54 લાખ લોકોને રોજગારી આપે છે. સાથે કેટલીક રોજગારી પર આ ઑટોમેશનને અસર કરવાનું વલણ રહેલ છે. આ ક્ષેત્રના વિકાસને પરિણામે 2027 સુધીમાં સફેદ કોલર નોકરીઓમાં ઘટાડો થવાની સંભાવના રહેલી છે. જ્યારે બ્લૂ કોલર જોબમાં પણ 30 કરોડ જેટલા કામદારો અસર પામશે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં ઓછી કૌશલ્ય યુક્ત વધુ વસ્તી જોવા મળે છે. (Drishti IAS, "Impact of AI

and Automation on India's Employment Landscape.") ગિગ અર્થવ્યવસ્થા ભારતના સંદર્ભે આ પ્રકારના કામદારમાં વિકસિત હોવાના પરિણામે ગિગ અર્થવ્યવસ્થા વિકાસ પામવાની શકયતા રહેલ છે. નીતિ આયોગના અહેવાલ મુજબ ગિગ વર્કફોર્સમાં વર્ષ 2020-21માં 21.77 લાખ જોડાયેલ છે. જેમાં 47 ટકા મધ્યમ કૌશલ્ય ધરાવતા રોજગારના ક્ષેત્રમાં, 22 ટકા ઉચ્ચ કૌશલ્ય ધરાવતા, અને 31 ટકા ઓછા કૌશલ્ય ધરાવતા રોજગાર ક્ષેત્રમાં છે. જેમાં મધ્યમ કૌશલ્ય રોજગાર ક્ષેત્રમાં કામદારોનું પ્રમાણ ઘટી રહેલ છે. અને ઉચ્ચ અને નિમ્ન કૌશલ્યના કામદારોમાં વધારો થઈ રહેલ છે. નીતિ આયોગે વર્ષ 2029-30 માં કુલ 2.35 કરોડ લોકો સહભાગી બનવાની સંભાવના વ્યક્ત કરી છે. (Drishti IAS, n.d.) જ્યારે આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના મત મુજબ ગિગ અર્થવ્યવસ્થા 23 ટકા વધવાની ધારણા વ્યક્ત કરી છે. (Drishti IAS, "Code on Social Security 2020 and Gig Workers.") આ અર્થવ્યવસ્થાના નવા મોડેલ તરીકે ગણાવી શકાય છે.

## ગિગ અર્થવ્યવસ્થા અને મહિલાઓ

ભારતમાં મહિલાઓની શ્રમ દળમાં ભાગીદારી ઓછી છે. ભારતમાં 52 ટકા મહિલાઓ કામ કરવા માટે તૈયાર હોવા છતાં કામ કરવા માટેના અવરોધોનો સામનો કરવો પડે છે. તેમાં સુધારો લાવી સમાન, સમાવિષ્ટ અને સલામત કાર્યસ્થળનો વિકાસ કરી મહિલાઓનો શ્રમ ભાગીદારીનો દર વર્ષ 2023-24 ના વર્ષ દરમિયાન 41.7 ટકા છે. તે વર્ષ 2047 સુધીમાં 70 ટકા સુધી હાંસલ કરવાનું લક્ષને ધ્યાને લેવામાં આવ્યું છે. ("Secretary (Labour & Employment) Participates in Round Table Discussion on Improving Female Workforce Participation in India.") શિક્ષિત મહિલાઓની ભાગીદારીમાં વધારો થયો છે. મહિલા બેરોજગારી દરમાં પણ ઘટાડો થયો છે. ગિગ અર્થવ્યવસ્થાએ મહિલાઓને સ્વતંત્ર કામમાં જોડાવા માટેની તકો ઉપલબ્ધ કરાવે છે. અને ભારતમાં ઘરેલુ સેવાઓ પ્રદાતા, પરિવહનની સેવા, ખોરાક ડિલીવરી ક્ષેત્ર વગેરેમાં સહભાગી બનવા માટેની તક પૂરી પાડે છે. ગિગ અર્થતંત્રએ મહિલાઓને કામમાં સ્વતંત્રતા અને સુગમતા અર્પે છે. જે નાણાકીય સ્વતંત્રતા અને પૂરક આવકના સ્રોત પૂરા પાડી મહિલા સશક્તિકરણ અને કૌશલ્ય વિકાસમાં મદદરૂપ સાબિત થાય છે. આવકની અનિશ્ચિતતા અને કેટલીક વખત સુવિધાઓના ઉપયોગથી વંચિત રહે છે. શૌચાલય માટે તે જાહેર શૌચાલયની સુવિધા અને અન્યના ઘરના શૌચાલય પર નિર્ભર રહે છે. (Instagram, "Divya Bhaskar on Instagram.") તેથી સુવિધાના ઉપયોગ માટે ગ્રાહકો પર આધારિત હોય છે. મહિલાઓના મોબાઈલની ઉપલબ્ધતામાં વધારો થયો છે. કોરોનાના મહામારી બાદ વધારો થયો હતો. પરંતુ પુરુષોની સરખામણીમાં હજુ

પણ મોબાઈલની ઉપલબ્ધતા ઓછી ઉપલબ્ધતા છે. જે લિંગ અસમાનતા માટે જવાબદાર છે. સ્ત્રીઓ ઘણીવાર એક સમાન નોકરી માટે પણ પુરુષની સરખામણીમાં ઓછો પગાર આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રસૂતિના લાભોની ગેરહાજરી, ભવિષ્ય, સલામતી, વીમા સિવાયના અન્ય લાભોનો અભાવ પ્રવર્તે છે. (Leelavathy & Sudha, 2024)

## ગિગ અર્થવ્યવસ્થા અને આરોગ્ય

તાજેતરમાં ગિગ અર્થવ્યવસ્થા અંગે ટેક્નોલોજિકલ માધ્યમો અને તેમાં કામ કરતાં કામદારોને મળતું વેતન અલ્ગોરિધમને આધારિત કાર્ય થાય છે. જેને કોઈ સંચાલિત કરનાર વ્યક્તિ હોતા નથી પરંતુ ગ્રાહકના રેટિંગને આધારે કામદારોનું વેતન નક્કી થાય છે. ત્યારે ક્વિક કોમર્સના સમયગાળામાં એપ્સએ 10 મિનિટમાં સુવિધા પહોંચાડવાની સુવિધા આપે છે. ત્યારે આ 10 મિનિટ ડિલિવરી કરવામાં ગિગ કામદારો કાર્યરત હોય છે. અને તે પહોંચાડવામાં તેમણે ટ્રાફિક અંગેની સમસ્યા છે. અને તેનાથી ગ્રાહક તરફ થી પણ ઓછા રેટિંગની સમસ્યા સર્જાય છે. આવક પર અસર થાય છે અને આયોજન ખોરવાય છે. આયોજનને સરભર બનાવવા માટે વધુ કામના કલાકો કરે છે સાથે ટ્રાફિક, અવાજ પ્રદૂષણ અને ધૂળ અને વાયુના પ્રદૂષણની અસર થાય છે. કામ પર મળતા વધારાના લાભો મેળવવા માટે તણાવ અને માનસિક સમસ્યાઓનો સામનો કરે છે. સાથે માથાનો દુખાવો, પીઠમાં દુખાવો, ઊંઘ સંબધિત પ્રશ્નો, એકલતા અને હતાશાનો અનુભવ કરે છે. વૃદ્ધ ગિગ કામદારોએ વય સબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડે છે. (Joseph and Joseph, "Rise of the 'Gig Economy' and It's Health Toll on Workers.")

## ગિગ અર્થવ્યવસ્થા અને સામાજિક બાબતો

ગિગ અર્થવ્યવસ્થા એ એક કરતાં વધુ નોકરીદાતા માટેની કામ કરવાની તક પૂરી પાડે છે. જેથી વધારાની આવક પ્રાપ્ત કરવામાં પણ મદદરૂપ સાબિત થાય છે પરંતુ કામ અને કુટુંબના જીવન વચ્ચે સંતુલન સાથે શકાતું નથી. ગિગ કામને પ્રથમ સ્થાન આપવામાં આવતું નથી તેને કાયમી કામના સ્થાને બદલે ગૌણ સ્થાન આપવામાં આવે છે. આ કામને સમાજની નજરથી ઓછા પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. જેથી સમાનતા અને માનવ ગૌરવ ઓછું જોવા પ્રાપ્ત થાય છે. જેથી સમાજ સાથે સંતુલન સાધવાનું કામ અઘરું સાબિત થાય છે. લગ્ન જીવન સબંધિત પ્રશ્નો સાથે મોટા ભાગના કામદારો સ્થળાંતરીત થયેલા હોય છે જેથી તેમણે અસુરક્ષા, અનિયમિતતા અને નીચું શ્રમ ગૌરવ હોવાથી આ રહેઠાણ મળવાની બાબતના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેથી ગિગ અર્થવ્યવસ્થાની સામાજિક વ્યવસ્થા સુધારા પર કાર્ય કરવાની જરૂરિયાત ઊભી થાય છે.

## ગિગ અર્થવ્યવસ્થા અને શિક્ષણ

ગિગ અર્થવ્યવસ્થામાં વિદ્યાર્થીઓ જે શ્રમદળનો અગત્યનો ભાગ છે. જે નાણાકીય કારણોસર જેવા કે વિદ્યાર્થીને સ્વનિર્ભર બનવા, અભ્યાસ અંગેની ફી ની ચુકવણી કરવા, અનુભવમાં વધારો કરવા, શૈક્ષણિક સમયપત્રકને સાચવવા ગિગ અર્થવ્યવસ્થા મદદરૂપ સાબિત થાય છે. જ્યારે આ કરવા માટે તેમણે સમયનું સંચાલન વધુ માંગી લેવામાં આવે છે. શારીરિક અને માનસિક શક્તિનો ઉપયોગ માંગી લે છે જે શૈક્ષણિક પ્રદર્શન પર અસર ઉપજાવે છે. જ્યારે ગિગ અર્થવ્યવસ્થામાં વ્યક્તિએ સતત બજાર સાથે પોતાના કૌશલ્યમાં વધારો અને નવા કૌશલ્યના વધારો આજીવન શિક્ષણ લેવા માટે તૈયાર રહેવું પડશે. (Joseph & Thiyagarajan, n.d.) આ ઉપરાંત ગિગ કામદારની કામ કરવાથી વ્યવહારુ વ્યવસાય અંગેની તાલીમ પ્રાપ્ત થાય છે. જેવી કે, સોફ્ટ સ્કિલ અને જીવન કૌશલ્ય, ડિજિટલ સાક્ષરતા, નાણાકીય સાક્ષરતા, અને ઉધોગ સાહસિકતા, કોમ્યુનિકેશન, બહુવિધ લર્નિંગ. પરંતુ ગિગ કામદારો આ કૌશલ્ય પ્રાપ્ત કરી શક્યતા નથી જે માટે માનસિક હાજરી, સમય, નાણાકીય, શારીરિક, અને સામાજીક અવરોધો ઊભા થાય છે. ગિગ કામદાર માટે માંગ આધારિત તાલીમ, એ-આઈ આધારિત તાલીમ, ઇ-લર્નિંગ, વિડિયો આધારિત લર્નિંગ, નાના નાના વિભાગોનું શિક્ષણ અને મોબાઈલ સાથે શીખવા પ્રક્રિયા સાથે ગિગ કામદારોને જોડવાથી તેમના કૌશલ્યમાં વધારો લાવી શકાય છે. (Behera and Gaur, "Skill Training for the Success of the Gig Economy.")

## સરકારની યોજનાકીય અને કાયદાકીય તાજેતરની પહેલો

- ભારતમાં અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરતાં કામદારોના વેતન માટેની બહુવિધતા દૂર કરી વેતનમાં ફ્લોર લઘુતમ વેતન નક્કી કરવા માટે વેતન અંગેના ચાર કાયદાને સમાવિષ્ટ કરી વેતન કોડ 2019 લાગુ કરવામાં આવેલ છે. (Drishti IAS, "Code on wages.")
- અસંગઠિત ક્ષેત્રનું નિયમન કરી કામદારોને માંદગી, માતૃત્વ અને અપંગતાના લાભો પ્રદાન કરવા માટે 9 શ્રમ કાયદાઓમાં સંકલિત કરી સામાજિક સુરક્ષા કોડ 2020 લાગુ કરવામાં આવેલ છે. જેમાં કરાર આધારિત કર્મચારીઓ, ગિગ કામદારો અને પ્લેટફોર્મ કામદારોને આવરી લેવામાં આવ્યા છે. (Drishti IAS, "Code on Social Security 2020 and Gig Workers.")
- ગિગ કામદારોને ઓળખ આપવા અને ડેટા તૈયાર કરવા માટે 26 ઓગસ્ટ 2021 ઇ શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ છે. નવેમ્બર 2025 સુધીમાં 31.38 કરોડ અસંગઠીત ક્ષેત્રોમાં અને કુલ 5.09 લાખથી વધુ ગિગ અને પ્લેટફોર્મ કામદારો રજીસ્ટર

થયેલ છે. જેમાં ઉતરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ અને મહારાસ્ટ્ર રાજ્યમાં વધુ ગિગ કામદારો નોંધાયા છે. ("WELFARE SCHEMES FOR GIG ECONOMY WORKERS.")

- નીતિ આયોગ દ્વારા 2022 માં 'ભારતની બૂમિંગ ગિગ અને પ્લેટફોર્મ ઇકોનોમી' અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ગિગ અર્થતંત્રના પડકારો અને તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. નીતિગત હસ્તક્ષેપ અને તેને સબંધિત ભલામણો પણ જારી કરવામાં આવી હતી. (*Rise and Challenges of India's Gig Economy*, n.d.)
- અંતર્ગત ભારત સરકાર દ્વારા ફેબ્રુઆરી 2025માં બજેટમાં. પીએમ જન આરોગ્ય યોજના (આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, અથવા પ્રધાનમંત્રી પીપલ્સ હેલ્થ સ્કીમ અંતર્ગત વીમાના કવચમાં આવરી લેવામાં આવ્યા છે. ("WELFARE SCHEMES FOR GIG ECONOMY WORKERS.")
- યુવાનો અને મહિલાઓની રોજગારમાં વધારો કરવા રોજગાર માટેના કાર્યક્રમો પ્રધાનમંત્રી મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કિરણ જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે.
- નવા ચાર શ્રમ કોડ લાગુ કરવામાં આવેલ છે જેમાં લઘુતમ વેતન અને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવી, કામદારોને ફરજિયાત નિમણુક પત્રો આપી ઔપચારીકરણ કરવું, વાર્ષિક મફત આરોગ્ય તપાસ ફરજિયાત બનાવવામાં આવેલ છે. મહિલાઓને પ્રસ્તુતિના લાભો આપવા અને ઘોડિયા ઘરની સુવિધા ઉપલબ્ધ કરાવવી. આ કોડ અંતર્ગત ગિગ અને પ્લેટફોર્મ કામદારોને પણ આવરી લેવામાં આવ્યા છે. જેમાં કામદારોને  પ્રોવિડંડ ફંડ, વીમો અને સામાજિક સુરક્ષાના લાભો અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. ("WELFARE SCHEMES FOR GIG ECONOMY WORKERS.")
- ગિગ કામદારો દ્વારા 10 મિનિટમાં ડિલિવરીના વાતાવરણનો અંત લાવવા માટે 5 ડિસેમ્બર 2025 ના રોજ સંસદ સભાના શૂન્ય કાળમાં ગિગ કામદારોની માંગને સંસદમાં રજૂ કરવામાં આવી હતી. (*10 મિનિટ ડિલિવરી મોડલ સમાપ્ત કરવા માંગ, AAP સાંસદે કહ્યું- જીવ જોખમમાં મૂકે છે ગિગ વર્કર્સ | End 10 Min Delivery Model: AAP MP Says Gig Workers Risk Their Lives on the Road - Gujarat Samachar*, n.d.) કામદારોની સુરક્ષાને ધ્યાને લઈને કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરી 13 જાન્યુઆરી 2026 ના રોજ 10 મિનિટમાં ડિલિવરી કરવાના દાવાનો અંત લાવેલ છે. (*Centre Intervenes On Gig Worker Safety, '10-Minute Delivery' Branding Removed, Says Raghav Chadha*.)

## તારણો

ગિગ અર્થવ્યવસ્થાએ પરંપરાગત રોજગાર ક્ષેત્રથી બહાર વિકસતું રોજગાર ક્ષેત્ર છે. જે રોજગાર ક્ષેત્રમાં સુધારાઓ અને રોજગાર માટેની નવી તકો ઉપલબ્ધ કરાવી આપે છે. સ્વતંત્રતા અને સુગમતા અને લવચિકતા પ્રદાન કરે છે. મહિલાઓ, વિધાર્થીઓ, યુવાનો રોજગારીની તકોમાં વધારો લાવી આપે છે. સાથે  અસુરક્ષા, અનિશ્ચિતતા, અનિયમિતતા, આરોગ્ય, માનસિક સ્વાસ્થય, સામાજિક સંતુલન અને ઓછું શ્રમનું ગૌરવ, રહેઠાણ મેળવવા જેવી સમસ્યાઓનો સામનો કરે છે. સાથે નવા ગિગ પ્રાપ્ત કરતાં રહેવા માટે તાલીમની પણ જરૂરિયાત ઉદભવે છે. ત્યારે કામના કલાકો અને તાલીમ વચ્ચે સંતુલન સાધી શકતું નથી. જે માટે ઓનલાઈન લર્નિંગના મધ્યયમો સાથે જોડાણ કરી તાલીમ અને શિક્ષણ આપી શકાય છે. જ્યારે સરકાર દ્વારા ગિગ કામદારોના સુધારા માટે વેતન કોડ 2019, સામાજિક સુરક્ષા કોડ 2020, ઇ શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન, નીતિ આયોગના અહેવાલો અને સબંધિત નીતિ,  આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભમાં ગિગ કામદારોને આવરી આવરી લેવામાં આવ્યા છે.

## સંદર્ભસૂચિ:


- Banwari, Dr Vijeta. *Gig Economy: Challenges and Opportunities in India*. 5, no. 11 (2018).
- Behera, Biswabhushan, and Dr Mamta Gaur. "Skill Training for the Success of the Gig Economy." *Journal of Pharmaceutical Negative Results* 13, no. 5 (2022).
- British Safety Council India. "Government announces long-awaited social security and health insurance measures for India's gig workers." Accessed January 6, 2026. https://www.britsafe.in/safety-management-news/2025/government-announces-long-awaited-social-security-and-health-insurance-measures-for-india-s-gig-workers?utm_source=chatgpt.com.
- "Disguised Unemployment." *Corporate Finance Institute*, n.d. Accessed January 9, 2026.https://corporatefinanceinstitute.com/resources/economics/disguised-unemployment/.
- Divya Bhaskar. (2025, December 31). ગ્રાઉન્ડ રિપોર્ટ; "અમારા માટે વોશરૂમ નથી, પિરિયડ્સમાં તકલીફ પડે છે :"10 મિનિટમાં ડિલિવરી સિસ્ટમ ખતમ થવી જોઈએ; સ્વિગી-ઝોમેટો-બ્લિંકિટના ડિલિવરી પાર્ટનર આજે હડતાળ પર] Instagram post].
- Drishti IAS. "Gig Workers." Accessed January 9, 2026. https://www.drishtiias.com/daily-news-analysis/gig-workers.

- Drishti IAS. “Future of India’s Gig Work.” Accessed January 6, 2026. https://www.drishtiias.com/daily-updates/daily-news-editorials/future-of-india-s-gig-work.
- Drishti IAS. “Impact of AI and Automation on India’s Employment Landscape.” Accessed January 15, 2026. https://www.drishtiias.com/blog/impact-of-ai-and-automation-on-indias-employment-landscape.
- Drishti IAS. “Code on Social Security 2020 and Gig Workers.” Accessed January 6, 2026. https://www.drishtiias.com/daily-updates/daily-news-analysis/code-on-social-security-2020-and-gig-workers.
- Drishti IAS. “Code on wages.” Accessed January 6, 2026. https://www.drishtiias.com/daily-updates/daily-news-editorials/code-on-wages-1.
- End 10 Min Delivery Model: AAP MP Says Gig Workers Risk Their Lives on the Road - Gujarat Samachar.” Accessed January 13, 2026. https://www.gujaratsamachar.com/news/national/end-10-min-delivery-model-aap-mp-says-gig-workers-risk-their-lives-on-the-road-54213904031.html.
- “Gig Economy – Shaping the Future of Work.” Accessed January 9, 2026. https://www.investindia.gov.in/team-india-blogs/gig-economy-shaping-future-work.
- *GIG ECONOMY | English meaning—Cambridge Dictionary*. (n.d.). Retrieved 23 December 2025, from https://dictionary.cambridge.org/dictionary/english/gig-economy
- Instagram. https://www.instagram.com/divyabhaskar_in/p/DS6qulOCuci/
- Joseph, Lisha, and Dr Ramya Thiyagarajan. *STUDY EFFECT ON CHALLENGES AND IMPACT OF THE GIG ECONOMY WITH SPECIAL REFERENCE TO ERNAKULAM, KERALA STATE*. 22, no. 1 (2024).
- Joseph, Bobby, and Merlyn Joseph. “Rise of the ‘Gig Economy’ and It’s Health Toll on Workers.” *Indian Journal of Occupational and Environmental Medicine* 29, no. 2 (2025): 85–86. https://doi.org/10.4103/ijoem.ijoem_217_25.
- Karunakaran, N. “The Gig Economy in India.” *Journal of Management Research and Analysis* 12, no. 1 (2025): 67–73. https://doi.org/10.18231/j.jmra.2025.012.
- Leelavathy, H. C., & Sudha, B. S. (2024). Women in gig economy. International Journal of Creative Research Thoughts (IJCRT), 12(9), 619–624. https://www.ijcrt.org/papers/IJCRT2409180.pdf

* NITI Aayog. (2022). *India's booming gig and platform economy: Perspectives and recommendations on the future of work* (June 2022). Government of India. https://www.niti.gov.in/sites/default/files/2022-06/25th_June_Final_Report_27062022.pdf?src_trk=em66259910dd1826.477720251182895374
* *Raghav Chadha Demands Ban on 10-Minute Delivery | Gig Workers' Struggles Raised in Rajya Sabha*. n.d. Accessed January 5, 2026. https://www.youtube.com/shorts/QXLo2K6piis.
* "Secretary (Labour & Employment) Participates in Round Table Discussion on Improving Female Workforce Participation in India." Accessed January 5, 2026. https://www.pib.gov.in/www.pib.gov.in/Pressreleaseshare.aspx?PRID=2108281.
* The Indian Express, dir. *Centre Intervenes On Gig Worker Safety, '10-Minute Delivery' Branding Removed, Says Raghav Chadha*. 2026. 08:04. https://www.youtube.com/watch?v=Fyj3-9pA1Lc.
* *What is the gig economy and what's the deal for gig workers? | World Economic Forum*. (n.d.). Retrieved 23 December 2025, from https://www.weforum.org/stories/2024/11/what-gig-economy-workers/
* "WELFARE SCHEMES FOR GIG ECONOMY WORKERS." Accessed January 6, 2026. https://www.pib.gov.in/www.pib.gov.in/Pressreleaseshare.aspx?PRID=2196927.